સર ટી. હોસ્પિટલના લોન્ડ્રી મશીનમાં ધડાકો થતા એકને ઈજા પહોંચી

ભાવનગરની સર ટી. હોસ્પિટલના લોન્ડ્રી વિભાગમાં કપડાં ધોવાના મશીનમાં અચાનક ધડાકો થયો હતો. આ ઘટનામાં ત્યાં કામ કરતા એક કર્મચારીને ઈજા પહોંચી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, લોન્ડ્રી મશીનમાં કપડાં ધોવા માટે નાખવામાં આવ્યા હતા. તે સમયે અચાનક કોઈ કારણોસર મશીનમાં દબાણ વધી ગયું હતું. જ્યારે મશીનનું ઢાંકણું ખોલવામાં આવ્યું ત્યારે ધડાકો થયો હતો.ધડાકાના કારણે જયકિશન ઉર્ફે જેકી હરેશભાઈ ગોહેલ નામના કર્મચારીને ઈજા થઈ હતી. તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતાં જ હોસ્પિટલના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

ભાવનગરથી દિલ્હી જવા સીધી ટ્રેન શરૂ કરવા સાંસદ શક્તિસિંહ ગોહિલની રેલમંત્રીને રજુઆત

શક્તિસિંહ ગોહિલે રેલવે મંત્રીને પત્ર લખી અયોધ્યાની પડી રહેતી રેકનો ઉપયોગ કરી દિલ્હીની ટ્રેન સેવા આપવા ધ્યાન દોર્યું, ભાવનગરની રેલ સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા પણ જણાવ્યું

ભાવનગર,તા.૧૬

ભાવનગર જિલ્લાના નાગરિકો માટે રેલવે કનેક્ટિવિટીના પ્રશ્નોને લઈને કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખી રજૂઆત કરી છે. તેમણે મુખ્યત્વે ભાવનગરથી દિલ્હી વચ્ચે સીધી ટ્રેન શરૂ કરવાની અને રેલવે ટર્મિનલના આધુનિકીકરણની માંગણી દોહરાવી છે.

હાલમાં ભાવનગરથી દિલ્હી જવા માટે કોઈ સીધી ટ્રેન ઉપલબ્ધ નથી. અગાઉ શરૂ કરાયેલી સફુરબસ્તી (દિલ્હી) TOD (ટ્રાયલ ઓન ડિમાન્ડ) ટ્રેન પણ અજ્ઞાત કારણોસર બંધ કરી દેવામાં આવી છે. સાંસદ ગોહિલે પત્રમાં જણાવ્યું છે કે, હાલમાં ભાવનગરથી અયોધ્યા વચ્ચે દોડતી ટ્રેન (ફૂલ રેક) અઠવાડિયામાં માત્ર ૨ દિવસ જ ચાલે છે અને બાકીના ૪ દિવસ આ ટ્રેન સાવ ફ્રી પડી રહે છે. આ જ રેકનો ઉપયોગ કરીને અઠવાડિયામાં ઓછામાં ઓછું ૧ દિવસ ભાવનગરથી દિલ્હી માટે સીધી ટ્રેન દોડાવવી જોઈએ, જેથી મુસાફરોને મોટી રાહત મળે.

ટ્રેનોનું અપગ્રેડેશન અને સુવિધાઓ ભાવનગરથી વેરાવળ અને પોરબંદર વચ્ચે ચાલતી ટ્રેનો લાંબુ અંતર કાપતી હોવાથી તેને 'એક્સપ્રેસ'માં અપગ્રેડ કરવાની જરૂરિયાત છે. આ ટ્રેનોમાં ૧ વધારાનો AC ચેર કાર કોચ જોડવા પણ માંગ કરવામાં આવી છે, જેથી વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોને આરામદાયક મુસાફરી મળી શકે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ ભાવનગર ટર્મિનસ પર ટ્રેનોના ઇન્સ્પેક્શન અને સફાઈ માટે હાલમાં માત્ર ૨ પીટ લાઈન છે, જે અપૂરતી છે. રેલવે મંત્રીને કરેલી રજૂઆતમાં ૨ નવી પીટ લાઈન અને શન્ટિંગ માટે ૪ નવા ટ્રેક બનાવવાની માંગ કરાઈ છે. આ માટે રેલવે પાસે પૂરતી જમીન પણ ઉપલબ્ધ છે.

પર્યટન અને આર્થિક મહત્વ ભાવનગર જિલ્લામાં એશિયાનું સૌથી મોટું શિપ બ્રેકિંગ યાર્ડ (અલંગ), પાલીતાણા જૈન તીર્થ, બગદાણા અને તલગાજરડા જેવા પ્રસિદ્ધ આશ્રમો આવેલા છે. હવાઈ સેવાઓ બંધ હોવાને કારણે અહીં આવતા પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ માટે દિલ્હી સાથેની સીધી રેલવે સેવા અનિવાર્ય બની છે.તેમ જણાવ્યું હતું.

તળાજા નજીક હાજીપરના પાટીયે ટેન્કર પલટી ગયું

ભાવનગર,તા.૧૬

તળાજા નજીક સોમનાથ નેશનલ હાઈવે પર હાજીપરના પાટિયા પાસે મોડી રાત્રે એક ટેન્કર પલટી ગયું હતું. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પ્રાપ્ત વિગતો મુજબ તળાજાથી મહુવા તરફ જતા માર્ગ પર આ ઘટના બની હતી. ટેન્કર કયા કારણોસર પલટ્યું તે અંગેની વિગતો હજુ સ્પષ્ટ નથી. અકસ્માતની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાંથી સેવાભાવી લોકો મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે રાહત અને બચાવ કાર્યમાં સહયોગ આપ્યો હતો.

સિહોરના યુવાનને દ્વારકામાં સુદર્શન સેતુ પર સ્ટંટ કરી રીલ બનાવવી ભારે પડી

પુત્રીને બોનેટ પર બેસાડી કાર ચલાવતા વાહન જપ્ત કરી પોલીસે કરી કાર્યવાહી

ભાવનગર,તા.૧૬

ભાવનગરના સિહોરના યુવાને દ્વારકાના સુદર્શન સેતુ પર રીલ બનાવવી ભારે પડી છે. પુત્રીને બોનેટ પર બેસાડી કાર ચલાવી રીલ બનાવનાર ભાવનગરના આ પ્રવાસી સામે ઓખા મરીન પોલીસે કાર્યવાહી કરીને કાર જપ્ત કરી હતી.

મળતી માહિતી મુજબ સિહોરના ગીરીશ વીરાભાઈ પરમાર દ્વારકા દર્શને ગયા હતા આ સમયે તેમના દ્વારા આ રીલ બનાવવામાં આવી હતી. જેમાં ગીરીશ પરમાર કાર ચલાવતા હતા અને તેમની પુત્રી જોખમી રીતે કારના બોનેટ પર બેસેલી હતી. ઓખા મરીન પોલીસને આ અંગેની માહિતી મળતા પી.એસ.આઈ. આર. આર. ઝરૂ અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ભાવનગર જિલ્લાના સિહોરમાં રહેતા ગીરીશ વીરાભાઈ પરમાર દ્વારા આ રીલ બનાવવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી વાહન જમી સહિતની કાર્યવાહી કરી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે વાહન ચાલકોને નિયમોનું ઉલ્લંઘન ન કરવા અને આવા ભયજનક સ્ટંટ ન કરવા અપીલ કરી છે સુદર્શન સેતુ પર થોડા દિવસો પૂર્વે એક બ્લેક કલરની સ્કોર્પિયો મોટરકાર દ્વારા ભયજનક સ્ટંટ કરવામાં આવ્યો હતો. આ સ્ટંટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.આ વીડિયો ઓખા મરીન પોલીસના ધ્યાને આવતા, GJ-17-CE-2248 નંબરની સ્કોર્પિયો મોટરકારની તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કારનો માલિક પંચમહાલ વિસ્તારનો છે, જેથી ઓખા પોલીસે પંચમહાલ પોલીસનો સંપર્ક કર્યો હતો.ત્યારબાદ કાર ચાલક કૌશિક મોહનભાઈ બારીયા નામના શખ્સની ઓળખ થઈ હતી. પોલીસે તેનું વાહન રિટેઈન કરીને કાયદેસરની કાર્યવાહી હતી.

જિલ્લા જેલમાં રૂમાલનો દડો બનાવી ફેંકાયો, જેલરે નોંધાવી પોલીસ ફરિયાદ

તમાકુ અને શંકાસ્પદ પીણું પહોંચાડવા પ્રયાસ થતા તંત્ર ચોંકયુ

ભાવનગર,તા.૧૬

ભાવનગર જિલ્લા જેલની અંદર પ્રતિબંધિત ચીજવસ્તુ ફેંકવાનો બનાવ સામે આવ્યો છે. જેલની સુરક્ષા વચ્ચે અજાણ્યા ઈસમ દ્વારા તમાકુ, ગુટખા અને

ભાવનગર જિલ્લા જેલના ગ્રૂપ-૨ ના જેલર બળદેવભાઈ કરશનભાઈ મીરએ ફરિયાદ નોંધાવી હતી કે, મારી ફરજ ડ્યુટી જેલર તરીકે હતી તે સમયે તા.૧૪ જાન્યુઆરીના રોજ બપોરના સમયે જેલની અંદર દવાખાનાની પાછળના ભાગે ખાખી સેલોટેપ વિંટાળેલ એક પડીકુ તથા નાની પ્લાસ્ટીકની બોટલ, હાથ રૂમાલમાં બાંધેલ મળી આવેલ હતો. જે રૂમાલ બાંધેલ દડો જેલની મુલાકાત રૂમની બાજુમાં આવેલ ટોઈલેટ પાસેથી નાખવામાં આવેલ હોય તેવું જણાઈ આવેલ. જે ખોલતા તેમાંથી વિમલ ગુટખા ૮ નંગ, વિમલની તમાકુની પડીકી ૮ નંગ, ૧૩૮ તમાકુની પડીકીવાળા મસાલાના ૨ નંગ, બુધાલાલ તમાકુની પડીકી ૬ નંગ, લાલ કલરનું દુર્ગંધ ધરાવતું પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકની ૨૫૦ એમ.એલની સોસીયો સોડાની બોટલ ૧નંગ જેવી જેલ પ્રતિબંધિત ચીજ વસ્તુ મળી આવી હતી.

આ મામલે નિલમબાગ પોલિસ મથકમાં અજાણ્યા શખસ વિરુદ્ધ મ્હજી ની કલમ ૨૨૩ તથા કેદી અધિનિયમ એક્ટ ની કલમ ૪૨, ૪૩, ૪૫(૧૨) મુજબની મળેલ જેલ પ્રતિબંધીત વસ્તુ અંગે ફરિયાદ નોંધવામાં આવી છે. જ્યારે આ બનાવ ને લઈ નિલમબસગ પોલીસ દ્વારા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

શિશુવિહાર બાલમંદિરમાં યોજાયો પતંગ મહોત્સવ

મકરસંક્રાંતિના પ્રારંભે બાલમંદિરના બાળકોએ સાથે મળીને પતંગ ઉડાડવાનો અને શીંગ દાળીયા મમરાની ચીકી ખાવાનો આનંદ લીધો હતો. આ પ્રસંગે શિક્ષક પ્રીતિબેન ભટ્ટ દ્વારા બાળકોને સલામત રીતે પતંગ ઉડાડવાની વાત કહેવામાં આવેલ તેમજ તમામ બાળકોને ગળામાં નેક બેલ્ટનો ઉપયોગ કરવાની પણ તાલીમ આપવામાં આવી હતી.

યુગ યુવા પરિવર્તનના સભ્યોનું સરાહનીય કાર્ય

યુવા યુગ પરિવર્તન સંગઠન તેમજ પક્ષીપ્રેમી ગ્રુપના સિહોરના સભ્યો દ્વારા રસ્તામાં તેમજ વીજ તારમાં ફસાયેલી દોરી એકથી કરીને બાલી દેવાનું સરાહનીય કાર્ય કર્યું હતું. સિહોરના આ યુવાનો છેલ્લા ૫ વર્ષથી મકરસંક્રાંતિની ઉજવણી કરી સાંજે આજુબાજુની સોસાયટી તથા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પતંગના દોરા એકઠા કરી બાળી નાખે છે જેથી પક્ષીઓના પગમાં આવે નહીં અને પક્ષીઓ ઘાયલ થાય નહીં આ કાર્યને લોકોએ બિરદાવ્યું હતું.

શ્રેષ્ઠ શિક્ષક પરેશ ત્રિવેદી લીખીત પુસ્તક 'શિક્ષણમાંથી શિક્ષણ'નું કરાશે વિમોચન

ભાવનગર,તા,૧૬

ભાવનગરની જાણીતી બી.એમ. કોમર્સ હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય પરેશભાઈ ત્રિવેદી એ તેમના કાર્યકાળ દરમિયાન વિદ્યાર્થીઓ, વાલીઓ શિક્ષકો અને અન્ય લોકો સાથે અનુભવેલા સંવેદનશીલ પ્રસંગોને લખીને શિક્ષણમાંથી શિક્ષણ એ નામથી પુસ્તક લખ્યું છે. જેનો વિમોચન સમારંભ તારીખ ૧૮ને રવિવારે સવારે ૧૦ કલાકે શિશુવિહાર ખાતે યોજાશે.

આ વિમોચન સમારંભની વિશેષતા એ હશે કે આ વિમોચન પરેશભાઈ ત્રિવેદીના પૂર્વ વિદ્યાર્થીઓના હસ્તે થવાનું છે તથા આ પુસ્તક વેચાણની તમામ રકમ આર્થિક નબળા વિદ્યાર્થીઓ માટે વપરાવાની છે. આ સમારંભમાં મહેમાન તરીકે ડો. ભરત રામાનુજ (કુલપતિ એમ. કે. બી. યુ.) મહેન્દ્રસિંહ પરમાર (અધ્યક્ષ, ગુજરાતી ભવન) ડો. નાનકભાઈ કામદાર (મંત્રી, શિશુવિહાર) ડો. નલિન પંડિત (પૂર્વ નિયામક, જીસીઈઆરટી) ઉપસ્થિત રહેશે. આ વીમોચન કાર્યક્રમમાં સહભાગી થવા પરેશભાઈ ત્રિવેદીના તમામ પૂર્વ વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને શિક્ષણમાં રસ ધરાવતા તમામને સંકલ્પ ગ્રુપ ઓફ ભાવનગર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પુસ્તક વેચાણની તમામ રકમ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે વાપરવામાં આવશે

પુલવામા હુમલો, બાલાકોટ એર સ્ટ્રાઈકની ભવિષ્યવાણીથી જાણીતા

શહેરમાં જિયો પૌલિટિકલ એક્સપર્ટ ડૉ. અંકિત શાહનું યોજાશે પ્રવચન

પ્રબુદ્ધ નાગરિકો, વ્યવસાયિકો અને ઉદ્યોગ જગતના લોકોને ઉપસ્થિત રહેવા ભારતીય વિચાર મંચ દ્વારા અનુરોધ

ભાવનગર,તા.૧૬

બદલતા વૈશ્વિક સત્તા-કેન્દ્રો અને સમીકરણોમાંથી મળતા સંકેતોના આધારે આગામી સમયમાં બનનારી ઘટનાઓનું પૂર્વાનુમાન કરનાર જાણીતા જિયો પોલિટિકલ એક્સપર્ટ અનેઁસ પાસઆઉટ ડૉ. અંકિતભાઈ શાહ ભાવનગર આવી રહ્યા છે. ભારતીય વિચાર મંચ, ભાવનગર કેન્દ્ર ભાવનગર ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી એસોસિએશન (BESIA)ના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી ડૉ. અંકિતભાઈ શાહનું રસપ્રદ વ્યાખ્યાન "ચેન્જીંગ ગ્લોબલ ઓર્ડર એન્ડ અપકમિંગ ફાઈનાન્સિયલ રિસેટ' વિષય પર ૧૭જાન્યુઆરીને શનિવારે સાંજે ૪:૩૦ વાગ્યે ઝવેરચંદ મેઘાણી મિની થિયેટર, સરદારનગર, ભાવનગર ખાતે આયોજિત થયું છે. કાર્યક્રમ પૂર્વે સ્થળ પર ૪ વાગે ચાની વ્યવસ્થા કરવામાં આવી છે અને ૧૦ મિનિટ પહેલા હોલમાં સ્થાન લઈ લેવા આયોજકો દ્વારા જણાવાયું છે. જેમાં પ્રબુદ્ધ નાગરિકો તથા વ્યવસાયિકો અને ઉદ્યોગ સાથે જોડાયેલ સૌ ને ખાસ ઉપસ્થિત રહેવા વિચાર મંચ ભાવનગરના અધ્યક્ષ ડો ગિરીશ ભાઈ વાઘાણી, BESIA ના પ્રમુખ તેજસભાઈ જોશી અને કાર્યક્રમના સહયોગી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પંકજભાઈ ગોરસીયાએ અનુરોધ કર્યો છે.

શહેરના કાળીયાબીડમા આવેલ પ્રમુખ સ્વામીનગરમાં

ચંદ્રમૌલી બંગ્લોઝના નાકે ટ્રાફિકનું ભારણ વધતા અકસ્માતનો ખતરો

કેટલાક વાહન ચાલકો બેફામગતિથી વાહનો કેળવી સ્થાનિકોમાં ભય ઉભો કરતા હોવાની લોકોમાં ફરિયાદ

ભાવનગર,તા ૬

શહેરના કળિયાબીડ વિસ્તારમાં આવેલા અંજની સિટી પાસેના પ્રમુખસ્વામી નગરમાં ચંદ્ર મૌલી બંગ્લોઝના નાકે આવેલી શેરીમાં ટ્રાફિકનું ભારણ વધતા અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી વાહનોની અવરજવરને કારણે સ્થાનિક રહીશોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારની આસપાસ નામાંકિત શાળાઓ આવેલી હોવાથી સવારથી સાંજ સુધી વાહનોની સતત અવરજવર રહે છે. શાળાએ જતા વાહનો અને અન્ય ટ્રાફિકને કારણે શેરીમાં રમતા નાના બાળકો માટે મોટું જોખમ ઊભું થયું છે. વાહનચાલકો ઘણીવાર પૂરઝડપે વાહનો હંકારી રહ્યા હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં કાર્યવાહી કરવાની માંગણી ઉઠી છે.ચંદ્રમોલી બંગ્લોઝના નાકે શેરીમાં તાત્કાલિક એક થી બે સ્પીડ બમ્પ બનાવવા અને શાળાના સમય દરમિયાન ટ્રાફિકનું નિયમન કરવા માંગણી ઉઠી છે.

રાહવીર યોજનાથી લોકોને માહિતગાર કરાયા

ભારતભરમાં હાલ તારીખ ૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી રોડ સેફ્ટી મંથનું આયોજન થયેલ છે જેના અંતર્ગત ભાવનગરના ટ્રાફિક ટ્રેનર અજયસિંહ જાડેજા દ્વારા સરકારની રાહવીર યોજના વિશે જાહેર જનતાને માહિતગાર કરવામાં આવ્યા હતા, ભાવનગરના ડેરી રોડ ઉપર આવેલા યુનિવર્સિટીના ગેટ પાસે સવારના લોકો જ્યારે કસરત કરવા નીકળે છે ત્યારે અહીં એક બેનર દ્વારા રાહવીર યોજનાની લોકોને માહિતી આપી હતી આ યોજનામાં અકસ્માત ગ્રસ્તને મદદ કરનારને સરકાર દ્વારા રૂપિયા ૨૫,૦૦૦નો પુરસ્કાર તથા સન્માન પત્ર આપવામાં આવે છે. અકસ્માત ગ્રસ્તને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવે તો તેમનો જીવ બચી જાય છે આ હેતુથી સરકાર દ્વારા આ યોજના બહાર પાડવામાં આવી છે.

હોમિયોપેથીને પૂરક સારવાર પદ્ધતિ તરીકે વિશ્વભરમાં પ્રાપ્ત થઈ રહી છે માન્યતા

વિવેકાનંદ હોમીયોપેથીક કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેમિનારમાં ટોચના તજજ્ઞોએ સહભાગી થઈ જણાવ્યું મંતવ્ય

ભાવનગર,તા.૧૬

સ્વામી વિવેકાનંદ હોમીયોપેથીક મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ભાવનગર સંસ્થાના ૨૫ વર્ષ પૂર્ણ થતા સિલ્વર જયુબિલી ઉજવણી નિમિતે ભારતભરમાં હોમિયોપેથીના વૈજ્ઞાનિક વિકાસ, સંશોધન અને આધુનિક ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલકત્તાની રાષ્ટ્રીય હોમિયોપેથીક સંસ્થાના પૂર્વ નિયામક ડો. સુભાષ સિંઘ દ્વારા રાષ્ટ્રીય સ્તરનો હોમિયોપેથી વિષયક પરિસવાંદ સફળતાપૂર્વક યોજાયો હતો.

સેમિનારમાં દેશભરના ખ્યાતનામ હોમિયોપેથી તજજ્ઞો, સંશોધકો, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન હોમિયોપેથીમાં નવીન સંશોધન પદ્ધતિઓ, એક્યૂટ રોગોની સારવારમાં હોમિયોપેથીની અસરકારકતા, તેમજ આધુનિક આરોગ્ય પ્રણાલીમાં હોમિયોપેથીનું મહત્વ જેવા વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સંસ્થાના પ્રિન્સીપાલ ડો. ગિરીશ પટેલ એ પ્રાસંગિક આપતા જણાવ્યું હતું કે હોમિયોપેથી આજે વૈકલ્પિક નહીં પરંતુ પૂરક સારવાર પદ્ધતિ તરીકે વિશ્વભરમાં માન્યતા પ્રાપ્ત કરી રહી છે. તેમણે સંશોધન આધારિત અભ્યાસ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પર ભાર મૂક્યો હતો.

પરિસવાંદના અધ્યક્ષ સ્થાને ડો. પિનાકીન ત્રિવેદી, પૂર્વ ચેરમેન, હોમિયોપેથિક રાષ્ટ્રીય આયોગએ હોમિયોપેથીના ભારત અને વિશ્વમાં થઈ રહેલા શ્રેષ્ઠ પ્રચાર પ્રસાર અને માન્યતા વિષે જણાવ્યુ હતું. જ્યારે હોમિયોપેથિક રાષ્ટ્રીય આયોગ રેટિંગ GSIRF ના પૂર્વ અધ્યક્ષ ડો. આનંદ ચાતુર્વેદી એ દેશની શૈક્ષણિક હોમિયોપેથીક સંસ્થાના વિકસિત પધ્ધતિમાં યોગદાનની માહિતી આપી હતી.

સેમિનારના અંતે પ્રશ્નોત્તરી સત્ર તથા અનુભવ વહેંચણી યોજાઈ હતી, જેમાં ભાગ લેનારોએ સક્રિય ભાગીદારી દર્શાવી હતી. આ રાષ્ટ્રીય સેમિનાર હોમિયોપેથી ક્ષેત્રે નવી દિશા આપનાર અને જ્ઞાનવર્ધક સાબિત થયો હતો.સેમિનારની સાથે પેપર અને પોસ્ટર પ્રેઝન્ટેશનની સ્પર્ધા પણ આયોજીત કરવામાં આવી હતી, જેમાં દેશભરના ખ્યાતનામ હોમિયોપેથી તજજ્ઞો, સંશોધકો, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ભાવ. મેડિકલ એસોસીએશનની જનરલ બોડી મિટિંગ મળશે

ભાવનગર,તા.૧૬

ભાવનગર મેડિકલ એસોસીએશનની આગામી જનરલ બોડી મિટિંગ તા.૨૮-૦૧ને બુધવારે રાત્રે ૯ કલાકે એ.પી. હોલ, ડાયમંડ ચોક, ભાવનગર ખાતે આયોજીત કરવામાં આવેલ છે, જેમાં આઈ.એમ.એ. ભાવનગરના ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા તમામ સદસ્યોને ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે. મિટિંગના એજન્ડા સાથેની નોટિસ એસોસીએશનની ઓફિસે લગાડવામાં આવેલ છે તેમજ આઈ.એમ.એ. ભાવનગરના WhatsApp ગ્રૂપમાં પોસ્ટ કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)